# શ્રમણસંઘના પ્રબુદ્ધ ધર્મગુરુઓ

### પરમ તપસ્વી : સમર્થ સાહિત્યકાર

## કવિવર શ્રી સમયસુંદરજી મહારાજ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર જૈન કવિઓમાં કવિવર શ્રી સમયસુંદરજીનું નામ અને સ્થાન અનોખું છે. ઇસ્વીસનના સોળમા શતકના ઉત્તરાર્ધમાં અને સત્તરમા શતકના પૂર્વાર્ધમાં થઈ ગયેલા આ જૈન સાધુએ ગુજરાતી સાહિત્યમાં વિવિધ પ્રકારનાં સર્જનોનો ફાળો આપ્યો છે. તેઓશ્રીએ એક પ્રતિભાસંપન્ન કવિ અને તપસ્વી સાધુ તરીકે ઉચ્ચ પ્રકારની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી.

પૂ. સમયસુંદરજીના જીવન વિશે તેમણે પોતે રચેલા ગ્રંથોને આધારે અને તેમના શિષ્યોએ રચેલાં કાવ્યોમાં કરેલાં તેઓશ્રી વિશેના નિર્દેશોને આધારે, તેમના કવનકાળ વિશે અને કાળધર્મ વિશે ચોક્કસ તિથિ–વાર–વર્ષના ઉલ્લેખો મળી આવે છે; પરંતુ તેમનાં બાલ્યકાળ અને દીક્ષાગ્રહણતિથિનાં નિશ્ચિત પ્રમાણો સાંપડતાં નથી. કાવ્યકૃતિઓમાંના નિર્દેશો પ્રમાણે તેઓશ્રીનો જન્મ મારવાડમાં સાચોરની પ્રાગ્વાટ ( પોરવાડ ) વણિક જ્ઞાતિમાં થયો હતો. તેમના પિતાનું નામ રૂપસિંહ અને માતાનું નામ લીલાદેવી હતું. પૂજ્યશ્રીનો પ્રથમ ગ્રંથ '**भावशतक**' સંસ્કૃત ભાષામાં રચેલો મળી આવે છે, તેની રચનાસાલ સં. ૧૬૪૧ છે. તેમાં કવિ પોતાનો ઉલ્લેખ 'ગણિ સમયસુંદર' તરીકે કરે છે. એ આધારે કલ્પના કરી શકાય કે, દીક્ષા ગ્રહણ કર્યા પછી સતત આઠ–દસ વર્ષની આરાધના અને અવિરત અધ્યયનની સાધનાને અંતે ગણિપદના અધિકારી બની શક્યા. તે પ્રમાણે તેઓશ્રી સં. ૧૬૩૦ આસપાસ યુગપ્રધાન આચાર્ય શ્રી જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજના હસ્તે દીક્ષા ગ્રહણ કરી, શ્રી સકલચંદ્રજી ગણિના શિષ્ય તરીકે મુનિ સમયસુંદરજી મહારાજ તરીકે જાહેર થયા. વળી, શ્રી સમયસુંદરજીના જ એક શિષ્ય વાદી હર્ષનંદને એક કાવ્ય રચનામાં નિર્દેશ કર્યો છે તે મુજબ — 'નવયૌવન ભર સંયમ સંગ્રહ્યો જી, સઈ હાથે શ્રી જિનચંદ' — 'નવ યૌવન'માં દીક્ષાં લીધી. એટલે તેમની વય દીક્ષા સમયે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦ વર્ષ આસપાસ હોવી જોઈએ. તે પ્રમાણે પૂજ્યશ્રીનો જન્મ સં. ૧૬૧૦ આસપાસ અનુમાની શકાય. તેમણે પોતે કે તેમના કોઈ શિષ્યે તેઓશ્રીના સંસારી નામનો ક્યાંય ઉલ્લેખ કર્યો નથી કે દીક્ષા પૂર્વેના અભ્યાસનો પણ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી. પરંતુ દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમણે વાચક મહિમરાજ (પછીથી પ્રધાનાચાર્યશ્રી જિનસિંહસૂરિજી) અને ઉપાધ્યાય શ્રી સમયરાજજી મહારાજ પાસે વિદ્યોપાસનામાં ઘણો સમય વીતાવ્યો. ધર્મશાસ્ત્રો, ટીકાઓ અને કાવ્યોનો ગહન અભ્યાસ કર્યો. પૂજ્યશ્રીમાં કવિત્વશક્તિ તો ઈશ્વરદત્ત-જન્મજાત હતી જ. એમાં બે ગુરુદેવશ્રીની નિશ્રામાં અગાધ અભ્યાસને પરિણામે તેઓશ્રી સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી, મારવાડી, હિન્દી, સિન્ધી અને પંજાબી ભાષાઓ પર અસાધારણ પ્રભુત્વ પ્રાપ્ત કરી શકયા. પરિણામે, અસાધારણ પ્રતિભા, તીક્ષ્ણબુદ્ધિ, અગાધ અભ્યાસ અને તપસ્વી સાધુજીવનથી પ્રભાવિત થઈ ને પ. પૂ. આચાર્યશ્રી જિનચંદ્રસૂરિજી મહારાજે તેમને સં. ૧૬૪૦ના મહા સુદ પાંચમને દિવસે 'ગણિ' પદથી વિભૂષિત કર્યા હતા. ત્યાર પછી સમ્રાટ અકબરના આમંત્રણને માન આપી, આ. શ્રી જિનચંદ્રસૂરિજી સં. ૧૬૪૮માં લાહોર ગયા ત્યારે તેમની સાથેના ૩૧ સાધુઓમાં સમયસુંદરજી પણ હતા. આ પ્રસંગે કવિ સમયસુંદરજીએ **राजानो ददते सौख्यम्** ।–આઠ અક્ષરના આ વાકયના આઠ લાખ અર્થ કરી બતાવી, આ 'અષ્ટલક્ષી' કૃતિ વડે અકબર બાદશાહને અત્યંત પ્રભાવિત કર્યા હતા. આ પ્રસંગે, સં. ૧૬૪૯ના ફાગણ સુદ બીજને દિવસે આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિજી મહારાજે પૂજ્યશ્રીને 'વાચનાચાર્ય'ની પદવી આપી હતી. તે સમય પછી રચાયેલી કૃતિઓમાં કવિ સમયસુંદરે પોતાનો ઉલ્લેખ 'વાચક' તરીકે કર્યો છે.

'વાચનાચાર્ય'ની પદવી પછી ૨૦–૨૧ વર્ષે તેમને 'પાઠક' કે 'ઉપાધ્યાય'ની પદવી મળી હોવાનો ઉલ્લેખ કવિ રાજસોમ કરે છે. સં. ૧૬૭૧માં લવેરા મુકામે આચાર્ય શ્રી જિનસિંહસૂરિએ તેઓશ્રીને ઉપાધ્યાયપદથી અલંકૃત કર્યાના અનેક નિર્દેશો સાંપડે છે. સં. ૧૬૮૦ પછી; આચાર્ય શ્રી જિનસિંહસૂરિજી કાળધર્મ પામ્યા પછી; ખરતરગચ્છમાં વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, દીર્ઘ દીક્ષાપર્યાયવાળા મુનિવર તેઓશ્રી જ હતા, તેથી તેમને 'મહોપાધ્યાય'નું પદ આપવામાં આવ્યું હશે એમ સ્વાભાવિક કલ્પના થાય છે. આ સમય દરમિયાન કવિશ્રી સમયસુંદરજીએ ગુજરાતી ભાષામાં રાસ, પ્રબંધ, ગીતો, સ્તવનો, છત્રીસી વગેરે પ્રકારનાં કાવ્યો રચવાં શરૂ કરી દીધાં હતાં. તેમણે સિંધ, પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર વિહાર કરી, ચાતુર્માસ સ્થિરતા કરી, લોકોમાં ધર્મનો પ્રસાર કર્યો હતો. જે જે તીર્થસ્થાનોની યાત્રા કરી તેના પર સ્તવનો રચીને કાવ્યસાહિત્યની સમૃદ્ધિમાં વધારો કર્યો હતો. તેઓશ્રીનાં વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો, મધુર વાણી અને તપસ્વી જીવનનો પ્રભાવ જૈન અને જૈનેતર લોકો પર એકસરખો પડતો હતો. પરિણામે, પૂજ્યશ્રીએ અનેક સ્થળોએ જીવહિંસા અટકાવી હતી. સિંધના એક અધિકારી મખનૂમ મુહમ્મદ શેખ કાજીએ તેઓશ્રીની પવિત્ર વાણીથી મુગ્ધ થઈને સમગ્ર સિંધ પ્રાંતમાં ગોવધ અને પંચનદીમાં જળચરની હિંસા ન કરવાની ઘોષણા કરી હતી. એવી જ રીતે, રાવલ ભીમજીને સદુપદેશ આપી જેસલમેરમાં થતાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સાંઢના વધને બંધ કરાવ્યો હતો. મંડોવર, મેડતા આદિમાં પણ અમારિની ઘોષણા કરાવ્યાના ઉલ્લેખો મળે છે. તેઓશ્રી ૪૨ શિષ્યો અને અનેક પ્રશિષ્યો ધરાવતા હતા. સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં સાધુ અને સાહિત્યકાર તરીકે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી, પોતાના ગચ્છના જ નહિ, પરંતુ સમગ્ર જૈનસંઘના સર્વશ્રેષ્ઠ સાધુ તરીકે પંકાયા હતા. વૃદ્ધાવસ્થાને લીધે છેલ્લે અમદાવાદમાં સ્થિરતા કરી હતી. અને સં. ૧૭૦૩ના ચૈત્ર સુદ ૧૩ને દિવસે અમદાવાદમાં જ કાળધર્મ પામ્યા હતા. આમ, તેમણે નેવું વર્ષ કરતાં પણ વધુ આયુષ્ય ભોગવી જૈનશાસનની ભવ્ય પ્રભાવના કરી હતી.

શ્રી સમયસુંદરજી મહારાજની સાહિત્યસેવા ચિરંજીવ નીવડે તેવી છે. તેમણે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી આદિ ભાષાઓમાં રચનાઓ કરી છે. વ્યાકરણ, ટીકા, કાવ્યલક્ષણ, છંદ, ન્યાય, જ્યોતિષ, ઇતિહાસ, પ્રબંધ, રાસ, ચોપાઈ, સંવાદ, બાલાવબોધ, ચોવીસી, છત્રીસી, સ્તવન, સજ્ઝાય, ગીત વગેરે રચના કરી છે. તેમાં સંસ્કૃતમાં વીસેક અને ગુજરાતીમાં ત્રીસેક મોટી કૃતિઓ રચી છે; જેમાં ભાવશતક, રૂપકમાલા અવચૂરિ, કાલિકાચાર્યકથા, સમાચારી કથા, વિશેષશતક, દશવૈકાલિક ટીકા આદિ સંસ્કૃત ગ્રંથો છે; તો ચાર પ્રત્યેક બુદ્ધ રાસ, મૃગાવતી રાસ, પુણ્યસાર રાસ, વસ્તુપાલ–તેજપાલ રાસ, શત્રુંજય રાસ, બાર વ્રત રાસ આદિ ગુજરાતી રચનાઓ છે. આમાં ૧૦૦–૧૨૫ પંક્તિથી માંડીને ૩૭૦૦ પંક્તિમાં રચાયેલા રાસ છે. ભાષાની મધુરતા, વર્ણનોની તાદૃશતા અને આલેખનની સચોટતાને લીધે તેમનું સાહિત્ય ઉચ્ચ કોટિનું બન્યું છે. પૂજ્યશ્રીએ રચેલાં ગીતોની સંખ્યા પણ હજાર ઉપર થવા જાય છે. એ સર્વ લયમાધુર્ય અને શબ્દસૌંદર્યથી લોકોમાં એવાં તો પ્રચલિત બન્યાં કે કુંભા રાણાનાં સ્થાપત્યો સાથે તેમની લોકોક્તિ પ્રચલિત બની : 'સમયસુંદરનાં ગીતડાં, ભીંતો પરનાં ચીતરાં કે કુંભા રાણાનાં ભીંતડાં.' આ ઉપરાંત, સમયસુંદરે હિન્દી, સિન્ધી અને પંજાબી ભાષામાં પણ કાવ્ય-રચનાઓ કરી છે. તેમનાં કાવ્યો એટલાં કવિત્વપૂર્ણ અને લોકપ્રિય હતાં કે અનેક અનુગામીઓએ એનું અનુકરણ કર્યું. એક અષ્ટાક્ષરીય વાક્યના દસ લાખ બાવીશ હજાર ચારસો સત્યાવીશ અર્થ કરી બતાવીને 'અષ્ટલક્ષી' ગ્રંથથી પોતાની વિદ્વત્તાનો પરિચય કરાવ્યો. એવી અસાધારણ પ્રતિભા ધરાવતા શ્રી સમયસુંદરજી તેજસ્વી સાધુપ્રવર હતા.

('નલ–દવદંતી રાસ'માંથી સાભાર.)

## ખરતરગચ્છીય ગગનમણિ અને સમર્થ વિદ્વદ્વર્ય

# શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ

જ્ઞાન, ક્રિયા અને ધર્મસિદ્ધાંતોનો પુનરુદ્ધાર કરનાર મહાત્માઓ આ ભૂમિનાં ભૂષણરૂપ મનાયા છે. એવા જ એક ઉત્તમ કોટિના સંત–મહાત્મા ખરતરગચ્છીય ગગનમણિ, પંડિતપ્રવર, કવિરત્ન, મહાન તપસ્વી અને સમર્થ સાહિત્યકાર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ છે. તેમનો જન્મ મારવાડમાં બીકાનેર પાસે ચંગ ગામમાં, ઓસવાલ જ્ઞાતિના લુણિયા ગોત્રમાં થયો હતો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org